સુવિચાર : જમાનાની સાથે બદલાતા જાવ, સિવાય કે જમાનાને પણ બદલી નાખવાની ત્રેવડ તમારામાં હોય - શરીફ વીજળીવાળા

તાપમાન
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૬૮ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૯૫ | ૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૫, ગુરૂવાર ; ભાદરવા સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

**મોદી હવે અમેરિકામાં : મેક ઈન ઈન્ડિયાના મુદ્દાની ચર્ચાઓ શરૂ**

**મોદી રવિવારે કુલ ૧૭૦૦૦ ભારતીયોને સંબોધવા તૈયાર**

**નરેન્દ્ર મોદી-નવાજ શરીફની વચ્ચે કોઈ બેઠક યોજાશે નહીં**

**અર્ધલશ્કરી દળો દ્વારા પણ ઓઆરઓપીની માંગણી**

**સેન્સેક્સ ૪૦ પોઈન્ટ ઉછળી ૨૫૮૬૩ની સપાટીએ રહ્યો**

**પશ્ચિમનો તબીબો આપવાના મામલે ભારત સૌથી આગળ**

**ફ્લિપકાર્ટના બંસલ બંધુઓ અબજોપતિની યાદીમાં ઈન**

# મક્કામાં પુનઃ ભાગદોડમાં ૭૫૦ના મોત

### શૈતાનને પથ્થર મારવાની વિધી દરમિયાન બનેલા બનાવથી આઘાત : સ્ટ્રીટ ૨૦૪ પાસે જમારત બ્રીજમાં પ્રવેશદ્વાર ખાતે બનાવ બાદ ભારે અંધાધુંધી ફેલાઈ : બચાવ-રાહત કામગીરી યુદ્ધના ધોરણે જારી



મીના, તા. ૨૪

સાઉદી અરેબિયામાં છેલ્લા એક દશકમાં વાર્ષિક હજ દરમિયાન સર્જાયેલી હોનારત પૈકીની સૌથી મોટી હોનારતમાં આજે મક્કા શહેર નજીક મીનામાં હજયાત્રા દરમિયાન ભાગદોડ મચી ગઈ હતી. આ ભાગદોડમાં ઓછામાં ઓછા ૭૫૦ લોકોના મોત થઈ ગયા છે. મોતનો આંકડો હજુ પણ ખૂબ ઉપર જઈ શકે છે. ઘાયલોની સંખ્યા ૫૦૦થી પણ વધુ જણાવવામાં આવી છે. આ વર્ષે હજયાત્રા પર ૧.૫ લાખ ભારતીયો સહિત વિશ્વના જુદા-જુદા ભાગોમાંથી ૨૦ લાખથી પણ વધુ યાત્રિઓ પહોંચ્યા છે. જિદાહમાં ભારતીય વાણિજ્ય દૂતાવાસના અધિકારીઓએ કહ્યું છે કે, હજુ સુધી કોઈ ભારતીયના મોતના અહેવાલ મળી શક્યા નથી. બીજીબાજુ સાઉદી નાગરિક વહિવટી તંત્રએ કહ્યું છે કે, જુદા-જુદા દેશોના ૭૫૦ લોકોના મોતના અહેવાલ મળી ચુક્યા છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. હજયાત્રા દરમિયાન ત્રણ સ્તંભ તરફ પથ્થર ફેંકવાની વીધિ યોજવામાં આવે છે. ત્રણ સ્તંભ તરફ પથ્થરો પૈકી શૈતાનને પથ્થર મારવાની રસમ અદા કરવામાં આવે છે. સાક્ષીઓએ કહ્યું છે કે, સ્ટ્રીટ ૨૦૪ નજીક જમારત બ્રીજ પ્રવેશદ્વાર નજીક આ ભાગદોડનો બનાવ બન્યો હતો. એ ક્ષેત્રમાં જ્યાં સ્તંભો તરફ પથ્થર ફેંકવાની વિધી કરવામાં આવે છે. ઘટના સ્થળ પર બે તબીબી ટુકડી પણ પહોંચી ગઈ છે. ભાગદોડનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. લઘુમતી પેનલ આંધ્રપ્રદેશના અધ્યક્ષ આબીર રસુલે કહ્યું છે કે, તેમની છાવણીમાં રહેલા ૪૦૦ યાત્રિઓ સુરક્ષિત છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૦૬માં ૧૨મી જાન્યુઆરીના

● અનુસંધાન પાન-૭ પર

# પાટીદાર અનામત આંદોલન હજુ ચાલુ રહેશે : હાર્દિક પટેલ

### સુરત અને ભાવનગરમાં પત્થરમારો ભારે તંગદીલી : પોલીસે અશ્રુવાયુ છોડ્યો

અમદાવાદ, તા.૨૪

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ગુજરાતમાં છેલ્લા ત્રણ મહિનાથી વધુ ઉગ્ર બનેલા પાટીદાર અનામત આંદોલનને શાંત કરવા આજે જાહેર કરેલા આર્થિક પેકેડના મિશ્ર પ્રભાઘાત પડ્યા છે. એક તરફ ભાજપ દ્વારા આજે સાંજે આ વિશેષ પેકેજનો આવકારવા તમામ શહેર અને જિલ્લાઓમાં આતશબાજીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો ત્યાં બીજી તરફ સુરત અને ભાવનગર વગેરે સ્થળોએ આ પેકેજનો કેટલાંક તત્વો દ્વાર વિરોધ કરવામાં આવ્યો હતો. જેમાં સુરતના વરાછા રોડ પર માનગઢ ચોક તથા મીની બજારમાં આતશબાજી કરી રહેલા ભાજપના કાર્યકરો ઉપર કેટલાક પાટીદાર યુવાનો દ્વારા પથ્થરમારો કરતાં ભારે તંગદિલી સર્જાઈ હતી. સુરતના

● અનુસંધાન પાન-૭ પર

# કેન્દ્રીય કર્મચારીઓનો પગાર ૨૫ ટકા વધશે

### સાતમા વેતન પંચની ભલામણ ટૂંકમાં કેન્દ્ર સરકારને સોંપાશે : સાતમા વેતન પંચની ભલામણો પહેલી જાન્યુઆરી ૨૦૧૬થી અમલી બનશે : પંચની ભલામણ અમલી બનશે તો તિજોરી પર કુલ ૨૦૦૦૦ કરોડનો બોજ

નવી દિલ્હી,તા. ૨૪

કેન્દ્રિય કર્મચારીઓના પગારમાં વધારો કરવા અંગે સાતમા વેતન પંચનો અહેવાલ ટુંક સમયમાં જ સરકારન સુપ્રત કરવામાં આવનાર છે. સાતમાં વેતન પંચના અહેવાલમાં ૨૫ ટકા સુધી પગાર વધારાની ભલામણ કરવામાં આવી છે. અહેવાલ મળ્યા બાદ તેના પર ઝડપી કામ થઈ શકે છે. સરકાર આ દિશામાં હાલ કામ કરી રહી છે. સાતમા વેતન પંચની ભલામણનો પહેલી જાન્યુઆરી ૨૦૧૬થી અમલી કરવામાં આવનાર છે. અહેવાલ આવી ગયા બાદ પીએમઓ દ્વારા પણ ચર્ચા કરીને અંતિમ નિર્ણય કરવામાં આવનાર છે. સાતમાં વેતન પંચની ભલામણને લઈને હાલમાં કેન્દ્રિય કર્મચારીઓમાં ભારે ચર્ચા છે. આની ભલામણને ક્યારેય અમલી કરાશે તેને લઈને કર્મચારીઓ રાહ જોઈ રહ્યા છે. કેન્દ્રિય કર્મચારીઓના પગારમાં જંગી વધારો થઈ જશે. તીવ્ર મોંઘવારીમાં લોકોને સીધો લાભ થશે. પે કમિશનની ભલામણો આવી ગયા બાદ સરકાર ખૂબ ઝડપથી આગળ વધશે. પીએમઓ સાથે ચર્ચા કર્યા બાદ આને લાગુ કરવામાં આવનાર છે. પે કમિશનની ભલામણ આવ્યા બાદ સરકાર પહેલા પોતાના ખજાનાને જોશે અને ત્યારબાદ નિર્ણય કરશે. નાણાં મંત્રાલયના સુત્રોના જણાવ્યા મુજબ, ગ્લોબલ ઈકોનોમીની મંદીના પરિણામ સ્વરૂપે ભારતમાં મૂડીરોકાણની ગતિ ખૂબ ધીમી થયેલી છે. વિદેશી ભંડોળમાં

● અનુસંધાન પાન-૭ પર

# બિનઅનામત વર્ગો માટે શિક્ષણ-રોજગારી ક્ષેત્રે ખાસ પેકેજ

### શિક્ષણ ક્ષેત્રે રાહતોનો વરસાદ : એક હજાર કરોડનો વર્ષે ખર્ચ : સરકારી નોકરીમાં ૫ વર્ષની વયમર્યાદામાં વધારો કરાયો : ધોરણ-૧૨ સાયન્સમાં ૯૦ પર્સન્ટાઈલ લાવનાર બિનઅનામત વર્ગના વિદ્યાર્થીઓને ખાનગી-સરકારી કોલેજોમાં ૫૦ ટકા ફી આપવા બે લાખની સહાય આપવાની જાહેરાત



અમદાવાદ, તા.૨૪

જેની ઉત્સુક્તાપૂર્વક રાજકીય વર્તુળોમાં છેલ્લા કેટલાક દિવસથી રાહ જોવામાં આવી રહી હતી તે પેકેજની ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આજે જાહેરાત કરી હતી. આનંદીબેન પટેલે શિક્ષણ ક્ષેત્રે રાહતોની વર્ષા કરી હતી. બીજીબાજુ સરકારી નોકરીમાં પાંચ વર્ષની વયમર્યાદામાં વધારો કરવાની જાહેરાત કરવામાં આવી હતી. ખાનગી કોલેજોમાં મેરિટના આધારે પ્રવેશ આપવાની પણ જાહેરાત કરવામાં આવી હતી. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિદ્યાર્થીઓને વિના મુલ્યે પુસ્તકો આપવાની જાહેરાત કરાઈ હતી. ઉપરાંત ધોરણ-૧૨ સાયન્સમાં ૯૦ પર્સન્ટાઈલ લાવનાર બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓને ખાનગી સરકારી કોલેજોમાં ૫૦ ટકા ફી આપવા બે લાખની સહાય આપવાની જાહેરાત કરવામાં આવી હતી. આ ઉપરાંત મેડિકલના વિદ્યાર્થીઓને પુસ્તકો ખરીદવા ૧૦ હજાર રૂપિયા આપવાની જાહેરાત કરાઈ હતી.

આનંદીબેને અનામતની આંધીને રોકવા માટે શ્રેણીબદ્ધ યોજના જાહેરાત કરી હતી. આર્થિકરીતે નબળા વિદ્યાર્થીઓને ૬૦ ટકા ફી રાજ્ય સરકાર ભરશે તેવી જાહેરાત પણ કરાઈ હતી. મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ગરીબ અને મધ્યમવર્ગના પરિવારોના વિદ્યાર્થીઓને કારકીર્દી ઘડતરની

● અનુસંધાન પાન-૭ પર

## પેકેજના મુખ્ય મુદા

- ગુજરાતમાં બિન અનામત વર્ગ માટે સરકારી નોકરીઓમાં ૫ વર્ષની વયમર્યાદામાં વધારો
- ધોરણ-૧૨માં ૯૦ પર્સન્ટાઈલવાળા વિદ્યાર્થીઓને ૫૦ ટકા ફી સહાય
- સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં વધુમાં વધુ મેડિકલ અભ્યાસ માટે ૨ લાખની સહાય
- ખાનગી કોલેજમાં ૭૫ ટકા બેઠકો મેરિટ પ્રમાણે ભરાશે
- સરકારી અને ખાનગી કોલેજોના પ્રવેશ ફોર્મની ફી સરકાર એકસરખી નક્કી કરશે
- આર્થિક નબળા વિદ્યાર્થીઓની ૬૦ ટકા ફી સરકાર ભરશે
- મેડિકલના વિદ્યાર્થીઓને પુસ્તકો પેટે એક વખત ૧૦ હજાર, એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓને પાંચ હજાર, ડિપ્લોમાના વિદ્યાર્થીઓને ત્રણ હજાર અપાશે
- સ્વરોજગાર માટે એન્જિનિયરિંગ અને ડિપ્લોમા ધારકો માટે ૫ ટકાના વ્યાજે ૫૦ હજાર રૂપિયાથી માંડીને ૧૦ લાખ રૂપિયા સુધીની લોન
- માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરના વિદ્યાર્થીઓને મફતમાં પુસ્તકો અપાશે
- રાજ્યમાં મેડિકલ કોલેજોની સંખ્યા વધશે, પીપીપી મોડલથી સરકાર રાજ્યમાં સીટો વધારશે
- અમદાવાદ, વડોદરા અને કરમસદમાં રૂપિયા ૭૦૦ કરોડના ખર્ચે મેડિકલ સીટો વધારાશે
- આ તમામ ફાયદાઓ સાડાચાર લાખની વાર્ષિકની આવકમર્યાદા ધરાવતા લોકોને મળશે
- વર્ષે ૪.૫ લાખથી ઓછી આવક ધરાવતા વર્ગ માટે લાભાલાભની જાહેરાત
- તાલુકા-જિલ્લાથી દૂર હોસ્ટેલમાં હેતા વિદ્યાર્થીઓને ૧૦ મહિના સુધી ૧૨૦૦ રૂપિયા મળશે

## હાઈકોર્ટે શું સુચના આપી

- ન્યાયતંત્રના દરવાજા મોડી રાત્રે પણ ખુલ્યા હોવા છતાં મીડિયા સમક્ષ કેમ જતા રહો છો
- એફઆઈઆર દાખલ થશે તો ધરપકડ થઈ શકે છે
- આગામી સમય સુધી નિવેદનબાજી કરી શકાશે નહીં
- મોડી રાત્રે કોર્ટના દરવાજા ખુલ્યા હોવા છતાં હાર્દિકને પત્રકાર પરિષદમાં હાજર કેમ કરાયો
- અપહરણ થયું તે વ્યક્તિ મળી હોવા છતાં કોર્ટને કેમ જાણ ન કરાઈ
- કોઈ વ્યક્તિ એક વખત જુઠ્ઠું બોલે તો તેને ૧૦ વખત જુઠ્ઠું બોલવું પડે છે
- કાયદાનો દુરુપયોગ કરનાર સામે પગલા લેવાશે
- હાર્દિકના આક્ષેપો સામે શંકા વ્યક્ત કરીને લેખિતમાં નિવેદન આપવાનો આદેશ કરાયો
- ન્યાયતંત્ર સાથે રમત રમવાનો કોઈને અધિકાર નથી

# હાર્દિકને ૨૯મી સુધી નિવેદનબાજી નહિ કરવા હાઈકોર્ટનો આદેશ

અમદાવાદ, તા.૨૪

પાટીદાર અનામત આંદોલનને આગળ વધારી રહેલા હાર્દિક પટેલની આજે ગુજરાત હાઈકોર્ટ દ્વારા જોરદાર ઝાટકણી કાઢવામાં આવી હતી. તેના વર્તન અને પગલા સામે કોર્ટે પ્રશ્નો ઉઠાવ્યા હતા. હાર્દિક પટેલની કઠોર શબ્દોમાં ટીકા કરીને વેધક પ્રશ્નો પણ કરવામાં આવ્યા હતા. હાઈકોર્ટે આ કેસને ૨૯મી સુધી મોકુફ કર્યા બાદ આગામી મુદ્દત ઉપર પણ હાર્દીકને હાજર થવું પડશે.

### વારંવાર મીડિયા પાસે કેમ જાવ છો એવો હાઈકોર્ટનો વેધક પ્રશ્ન : આગામી સુનાવણી સુધી નિવેદનબાજી નહીં કરવા હાર્દિક પટેલને સુચના

આજે નાટ્યાત્મક ઘટનાક્રમમાં હાર્દિક પટેલ હાઈકોર્ટમાં પહોંચ્યો હતો. કોર્ટે હાર્દિક પટેલને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, શું તમારો ઈરાદો પોલીસને બાનમાં લેવાનો છે. તમારા ઈરાદાઓ મલીન હોવાના નિર્દેશો મળે છે. ન્યાય તંત્રના દરવાજા ખુલ્લા હોવા છતાં તમે વારંવાર શા માટે મિડીયા પાસે ચાલ્યા જાવ છો. હાઈકોર્ટે હાર્દિક પટેલના આરોપો અંગે અસંતોષ વ્યક્ત કર્યો હતો અને હાર્દિક પટેલ અને તેના વકીલને આરોપો સાબિત કરવાનો આદેશ આપ્યો હતો. હાઈકોર્ટે જણાવ્યું હતું કે, જો હાર્દિક પટેલ સામે એફઆઈઆર નોંધાય હશે તો તેની ધરપકડ થઈ શકશે. હાઈકોર્ટે હાર્દિકના વકીલને જણાવ્યું હતું કે, તમારા માટે ન્યાય તંત્રના દરવાજા મોડી રાત્રે ખુલ્યા હતા તો પછી ગઈકાલે રાત્રે તમે શા માટે હાર્દિકને પત્રકાર પરિષદમાં હાજર કર્યો. અપહરણ થયું તે વ્યક્તિ મળ્યો તો

● અનુસંધાન પાન-૭ પર

PRIME LOCATION FOR YOUR BUSINESS
હસમુખભાઇ પટેલ 9898935008 9737124032
ઓફિસ નંબર 9904483888
atria
"The Business Hub"
દુકાનો-ઓફિસો, ભાડે-વેચાણ આપવાની છે.
atria corner, KH-0, સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર

ડિસે. થી માર્ચ કપલ/ફેમીલી ટુર્સ
• ડેલહાઉસી-કુલુ-મનાલી-સિમલા
• મનાલી: Hotel Honeymoon IN
• સિમલા: Hotel Landmark
• કેરાલા: Sterling Resort - મુન્નાર-થેકડી
દિવાળી વેકેશનમાં વિવિધ પ્રવાસો
પોર્ટ બ્લેર-હેવલોક તા:૧૬/૧૧
સ્વ. ભીખુભાઈ ઠક્કર સ્થાપિત ૬૧ વર્ષથી અવિરત આપની સેવામાં
નવભારત ટ્રાવેલ્સ
૪, ગણેશ પ્લાઝા, નવરંગપુરા, અમદાવાદ
Ph: 40208020/9825804077 & 79



પંજાબ ઓટોમોટીવ
0% વ્યાજ | 7,999/- ડાઉન પેમેંટ
પ્લોટ નં. ૧૦૦૧/એ, જી.આઈ.ડી.સી., ડી.એસ.પી. ઓફીસની સામે, સેક્ટર-૨૮, ગાંધીનગર, ફોન.નં.૦૭૯૨૩૨ ૧૦૦૨૦/૨૩ મો.૯૬૮૭૧૨૫૦૦૦